**ક્રિમીનલ કેસ નં. 4833/2022**

**GJBK020056302022**

**<u>-: આંક -૧ લગત હુકમ:-</u>**

૧. ફરીયાદ પક્ષના આક્ષેપ મુજબ હાલના આરોપીએ રેલ્વે એકટની કલમ- ૧૫૯ મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે. આરોપી કોર્ટ રૂબરૂ હાજર થયા બાદ તેઓની સામે ઈન્સાફી કાર્યવાહી શરૂ થાય તે પહેલાં આરોપીએ તેઓની સામે જે ગુનાનો આક્ષેપ છે તે તેઓને કબુલ છે તેવું જણાવતાં તેઓને જણાવવામાં આવેલ કે તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ છતાં તેઓ ગુનો કબુલ કરવા માંગે છે તેવું જણાવે છે. જેથી આરોપીની તેની સામેના ગુના બાબતેનું સંગ્ના આપી પ્લી આંક-૧ નીચે રેકર્ડ કરવામાં આવી છે. તેમાં આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

૨. આરોપીએ ગુના કબુલાત કરી એવી મૌખિક રજુઆત કરેલ છે કે, તેઓ ગરીબ માણસ છે. ઘરમાં પોતે એક જ કમાનાર વ્યકિત છે, ઘરના તમામ વ્યકિતની ભરણપોષણની જવાબદારી તેમના પર છે, આ તેઓનો પ્રથમ ગુનો છે, તેમજ ગુના બાબતે પસ્તાવો વ્યકત કરેલ છે, અને ભવિષ્યમાં આવો કોઈ ગુનો નહીં કરી તેની ખાત્રી આપેલ છે, અને દયા કરી ઓછી સજા કરવા અરજ કરેલી છે.

૩. આરોપીની રજુઆતને લક્ષમાં લેતાં, તેમજ સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હીરાચંદજી ઠાકોર ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯ પર પ્રસિધ્ધ થયેલ નામ. ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં કેસના સંજોગો લક્ષમાં લેતાં જો પુરતા કારણો જણાય તો અદાલત ન્યુનતમ કરતાં ઓછી સજા પણ કરી શકે છે. આમ, ઉપરોકત સંજોગો, ચુકાદા અને આરોપીની કબુલાત ધ્યાને લેતાં આરોપીને સજા કરવી જોઈએ તેવું નમ્રપણે માનવું છે.

૪. સદરહું કામે આરોપીની કોર્ટ સમક્ષની રજૂઆત લક્ષમાં લેતાં, આરોપી કુટુંબનો આધાર હોય, જો લાંબા સમય સુધી કેદની સજા કરવામાં આવે તો કુંટુંબના ભરણપોષણ નો પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ છે, આરોપીના કથિત કૃત્યની સજા આડકતરી રીતે તેના કુંટુંબીજનોને થનાર હોય, આરોપીએ ગુના સબબ પસ્તાવો પણ વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકાર નો ગુનો નહીં બને તેવી ખાત્રી પણ આપતા હોય, કેસના સંજોગો, ગુનાનો પ્ર કાર, ગુનાને લગતી સજાની જોગવાઈ અને આરોપી ધ્વારા કરવામાં આવેલી રજુઆતને લક્ષમાં લેતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ઉપરોકત ચુકાદાઓ અન્વયે પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતોને લક્ષમાં લેતાં, સદરહું કામના આરોપીને કેદની સજા કરવાને બદલે હળવી સજા કરવાને પાત્ર હાથ ઉપરનો કેસ હોય., જેથી આરોપીને આરોપીની સ્થિતિ જોતાં અને કરવામાં આવેલી રજુઆતોને લક્ષમાં લેતાં, ઓછી રકમનો દંડ કરવો યોગ્ય અને ન્યાયોચિત જણાતું હોય, આથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુક મ :-**

સદરહું કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ-૨૫૨ મુજબ રેલ્વે એકટની કલમ- ૧૫૯ હેઠળ શિક્ષાને પાત્ર ગુના સબબ તકસીરવાન ઠરાવી, આરોપીને રૂા. ૧૦૦/- (અંકે રૂપિયા એકસો પુરા) નો દંડ ભરવાનો તથા દંડ ના ભરે તો કસૂર બદલ દિન- ૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુકામ : પાલનપુર
તા. ૦૬/૧૦/૨૦૨૨

(એ.ટી.તિવાડી)
ત્રીજા જ્યુ.મેજી.ફર્સ્ટ કલાસ
બનાસકાંઠા - પાલનપુર
કોડ નં.જી.જે. ૦૧૬૧૬